દિવ્યાંગો માટે ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૦/૦૧/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨.૦૫.૨૦૧૮નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૩૧.૦૧.૨૦૧૯નો ઠરાવ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૭.૦૩.૨૦૧૯નો ઠરાવ.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૭/૧૨/૨૦૨૧નો પત્ર નં. અપગ/ઇલે.સ્કુટર યોજના/૨૧-૨૨/૫૦૦.

આમુખ :-

વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) પરના ઠરાવથી દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના અંગે વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલા ક્રમાંકઃ (૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ ઠરાવથી સહાયના ધોરણો અને ચુકવણીની પધ્ધતિનો સમાવેશ કરી વિગતવાર ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંકઃ- (3) પરના તા. ૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ ઠરાવમાં સહાયના ધોરણો માટે જે શરતો નક્કી કરવામાં આવી છે, તેની શરત નંબર ૪, ૫, ૭, ૯(અ) અને ૯(ક) તથા અરજી મંજૂર/નામંજૂર કરવાની સત્તા

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવેલ છે, એ બાબતો રદ કરી ઠરાવની બાકીની શરતો યથાવત રાખેલ, તથા નવી શરતો ઉમેરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી ઉમેરવામાં આવેલ શરતો રદ કરી નવી ૬ શરતો ઉમેરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:(૪) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:(૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસંધાને દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબતે વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ ઠરાવથી ઉમેરવામાં આવેલ શરતો રદ કરવામાં આવેલ છે. તથા નીચે મુજબની નવી શરતો ઉમેરવામાં આવે છે.

શરતો-

(૧) આ યોજના હેઠળ દર નાણાકીય વર્ષે રાજ્ય કક્ષાએથી જાહેરાત પ્રસિધ્ધ કરી દિવ્યાંગ અરજદારોની અરજીઓ જિલ્લા કક્ષાએ મેળવવાની રહેશે.

(૨) જિલ્લા કક્ષાએ જે અરજીઓ મળેલ હોય તે મંજૂર/નામંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની રહેશે અને મંજૂર કરેલ લાભાર્થીને સહાયની ચૂકવણી જે તે જિલ્લાની ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી કરી આપશે.

(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની લેખિત જાણકારી/મંજૂરી આદેશ તારીખથી લાભાર્થીએ ૩૦ દિવસની મુદતમાં ઇ-સ્કુટરની ખરીદી કરવાની રહેશે. પરંતુ, અરજદારના આર્થિક સંજોગો તપાસતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને યોગ્ય જણાશે તો આવી મુદત વધુમાં વધુ ૬૦ દિવસ સુધી લંબાવી શકશે.

(૪) મંજૂર કરેલ લાભાર્થીએ ઇ-સ્કુટરની ખરીદી જેડા માન્ય એજન્સી અથવા જેડા માન્ય એજન્સીના ઓથોરાઇઝડ ડિલર પાસેથી લાભાર્થીએ પોતાના ફંડમાંથી કરવાની રહેશે અને ખરીદી અંગેનું ઓરીજનલ બીલ અને ઇ-સ્કુટર સ્વીકારતો ફોટો, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને રજૂ કર્યેથી ખરીદ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ મળવાપાત્ર સહાય રૂ. ૨૫,૦૦૦/- લાભાર્થીને ડી.બી.ટી.થી જિલ્લા કક્ષાએથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં ચુકવવાના રહેશે.

(૫) આ યોજના હેઠળ જે જિલ્લા માટે નક્કી કરેલ લક્ષ્યાંકો કરતાં વધુ અરજીઓ આવેલ હશે તેવા કિસ્સામાં ઇનવર્ડ રજીસ્ટરમાં નોંધાયેલ અરજીના ક્રમ મુજબ લાભાર્થીને લાભ આપવાનો રહેશે.

(૬) જે જિલ્લામાં નિર્ધારીત લક્ષ્યાંક કરતાં ઓછી અરજીઓ આવેલ હશે તેવા જિલ્લાનું લક્ષ્યાંક વધુ ઇ-સ્કુટરની માંગ વાળા જિલ્લાને નિયામકશ્રી કક્ષાએથી ફાળવણી કરી શકાશે, જેથી કુલ લક્ષ્યાંક મુજબની કામગીરી પૂર્ણ કરી શકાય.

(૭) આવનારા નાણાંકીય વર્ષમાં (૨૦૨૩-૨૪) તા.૦૧/૦૪/૨૦૨૩થી આ યોજનાની સંપૂર્ણ અમલવારી ઓનલાઇન પોર્ટલ મારફતે કરવાની રહેશે.

તા.૩૧.૦૧.૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવની બાકીની તમામ શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની ઇ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)

- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.